ક્રિ.કે.નં.– ૩૧૮૧/૨૦૨૪

આંક– ૪ નુ સાંધણ

<u>આરોપી તર્ફે ફરીયાદી સુરેન્દ્ર રામાઆધાર ગીરીની આંક–૪ની સરતપાસ લગત ઉલટ તપાસ વિ.વ.શ્રી એન.જી.રાઠોડ</u>

<u>સોગંધ આપ્યા</u>

(૧) એ વાત ખરી છે કે, આંક–૧૪ના ચેકમાં અશોકકુમાર રામચંદ શ્રીવાસ્તવ તેવુ નામ લખેલ નથી પરંતુ ત્રિપુરારી ડેવલોપર્સ તેવુ નામ લખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીએ સહી કરીને મને આપેલ છે.મને તા.૧૩/૦૬/૨૦૨૪ની મારી તથા મારા વકીલશ્રીની સહીવાળી નોટીસ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે, આ અમે આરોપીને મોકલેલ નોટીસ જ છે. નોટીસ રજુ દાખલ **આંક–૨૯.** એ વાત ખરી છે કે આ નોટીસમાં ત્રિપુરારી ડેવલોપર્સનું નામ લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી તે નામથી ઘંધો કરે છે. એ વાત ખરી છે કે, આંક–૧૬ની નોટીસમાં હાથથી પાછળથી ત્રિપુરારી ડેવલોપર્સના પ્રોપરાઈટર તેવુ લખેલ છે. એ વાત ખરી નથી કે, ત્રિપુરારી ડેવલોપર્સને અલગથી કોઈ નોટીસ આપવામાં આવેલ નથી કે તેઓને અલગથી આ ફરીયાદના કામે જોડેલ નથી. મને એ વાતની ખબર નથી કે, ત્રિપુરારી ડેવલોપર્સ ભાગીદારી પેઢી છે. એ વાત ખરી નથી કે, મારી ફરીયાદના પેજ નં.ર પેરા નં રમાં જે કુલમુખત્યારનામુ તથા સમજુતી કરારનો ઉલ્લેખ કરેલ છે તેવા દસ્તાવેજ મે ફરીયાદ સાથે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, મારી ફરીયાદના પેરા ૩માં મે ૮૪ દુકાનોનુ બાંધકામ કરવા માટે નાણાંનું રોકાણ કરેલ છે તેનો કોઈ હિસાબ મે ફરીયાદની સાથે રજુ રાખેલ નથી.

(૨) એ વાત ખરી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૨/૨૦૨૪ના રોજ મારા વિરૂધ્ધ દાહોદ પોલીસ સ્ટેશનમાં તથા આઈ.જી.ને ફરીયાદ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે ફરીયાદ આપેલી છે અને તેમ છતા પણ દસ્તાવેજ કરી આપતા નથી અને જુઠુ બોલે છે. મીનાબેન સુરેન્દભાઈ મારી ઘરવાળી છે. તેમના નામે સાત દુકાનોનો દસ્તાવેજ કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દુકાન અલગ છે અને આ અલગ હિસાબ છે. મે મારી ફરીયાદ વાંચ્યા વગર સહી કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને ફરીયાદ સમજાવેલી. એ વાત ખરી નથી કે ચામુંડા કોમ્પ્લેક્ષમાં મને સાત દુકાનો આપવાનું નકકી થયેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે ૫૦ ટકાના ભાગીદાર છીએ.મે મારી ફરીયાદ સાથે ૫૦ ટકાનો હું ભાગીદાર હોઉં તેવુ દર્શાવતો દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, તા ૧૨/૦૨/૨૦૨૪ પછી થયેલ ફરીયાદો મુજબ મારે તથા આરોપી વચ્ચે સારા અને મિત્રતાના સંબંધો રહયા નથી. એ વાત ખરી છે કે ત્રણ કરોડ પચ્ચાસ લાખ રૂપીયા બહુ મોટી રકમ કહેવાય. એ વાત ખરી નથી કે આ ત્રણ કરોડ પચ્ચાસ લાખ રૂપીયાના હિસાબ પેટે હાલની આંક–૧વાળી ફરીયાદ પેટેનો આંક–૧૪વાળો ચેક આપ્યો હોય તેવુ લખાણ મારી પાસે છે. એ વાત ખરી નથી કે, ફરીયાદ સાથે મે આવુ લખાણ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે હાલની ફરીયાદવાળો ચેક મને કાયદેસરની લેણી રકમ પેટે આપેલ નથી. એ વાત ખરી નથી કે, જયારે અમારે સારા સંબંધો હતા અને સાથે બેસતા હતા ત્યારે મે આ ચેક મેળવી લીધેલો અને તેનો દુરૂપયોગ કરીને હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી પાસે ખોટી રીતે નાણાં પડાવવા માટે હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.

ફેરતપાસ નથી.

તા. ૧૮/૪/૨૦૨૫
દાહોદ
સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

મારી રૂબરૂ

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ
દાહોદ

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ

એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ